ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં હળવા ઝાપટાથી ચોમાસાનો પ્રારંભ

## ચોમાસાના પ્રારંભે હળવા વરસાદથી નગરજનોને ઉકળાટમાં રાહત : ગરમીનો પારો ૩ ડીગ્રી ગગડયો : વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૮૦ થી ૯૫ ટકા : સેકટરોમાં ડોકીયા કરતી વરસાદી સમસ્યાઓ : સંભવિત રોગચાળાને અનુલક્ષી મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા પગલા અનિવાર્ય

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં આકરી ગરમીના દિવસો બાદ હવે



ચોમાસાનો પ્રારંભ થતા નગરજનો મેઘરાજાના વધામણા કરવા તૈયાર છે. શહેરમા આજે સવારથી જ વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહ્યુ હતુ. જયારે સવારના સમયે વરસાદી ઝાપટાથી સેકટરામાં ઠેર ઠેર પાણી ભરાયા હતા વરસાદના લીધે ભીંજારાના માહોલ વચ્ચે નગરજનોએ આકરા બફારામાં રાહત અનુભવી હતી. જયારે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ ડોકીયા કરતી થઈ ગઈ છે. તો પાણીના ખાબોચિયા ઉભરાતા મચ્છરોના ઉતપત્તિ સ્થાનો પણ અસ્તિત્વમાં આવતા રોગચાળાનો ખતરો મંડરાયો છે.

ગાંધીનગરમાં છેલ્લા માર્ચ મહીનાથી અલબત્ત ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પણ ગમે ત્યારે વાતાવરણ પલ્ટા વચ્ચે વરસાદી નઝારો સર્જાય છે. આકરી ગરમીના માર્ચ , એપ્રિલ, મેં મહીનામાં પણ વરસાદી વાયરા સાથે શહેરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો જયારે થોડા દિવસ અગાઉ બિપરજોય વાવાઝોડના લીધે પણ ભારે પવન સાથે વરસાદી ઝાપટાએ શહેરને ભીંજવી દીધુ હતુ જો કે કમોસમી વરસાદના દૌર બાદ હવે શહેરમાં વિધિવત ચોમાસાના વરસાદનો પ્રારંભ થયો છે. છેલ્લા બે ત્રણ દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે નગરમાં ઉકળાટનુ પ્રમાણ વધુ રહેતા નગરજનો આકરા બફારાથી પરેશાન છે. ત્યારે વરસાદ જમાવટ કરે તેની પણ કાગડોળે રાહ જોવાઈ રહી છે. આજે સવારે આકાશમાં ગોરંભાયેલા કાળા ડિબાંગ વાદળો વચ્ચે ધોધમાર વરસાદ વરસશે તેવી આશ બંધાઈ હતી. જો કે મેઘરાજા મનમુકીને વરસ્યા ન હતા પરંતુ હળવા વરસાદી ઝાપટાથી શહેરના સેકટરોમાં ઠેર ઠરે વરસાદી પાણી ઉભરાતા નજરે પડયા હતા. નગરમાં ભીંજારાના માહોલ વચ્ચે નગરજનોએ બફારામાં રાહત અનુભવી હતી. વરસાદી નઝારા વચ્ચે ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો પણ ૩ ડીગ્રી ગગડયો હતો મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રી નોંધાયુ હતુ. શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી આકાશમાં વરસાદી વાદળોની અવરજવર જોવા મળે છે. જયારે એકબાજુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધ્યુ છે. સવારથી સાંજ દરમિયાન વાતવરણમાં ભેજનુ પ્રમાણ ૮૦ થી ૯૫ ટકા નોંધાય છે. જયારે વરસાદી વાદળોની હાજરીમાં પણ મેઘરાજા મનમુકીને વરસતા ન હોવાથી નગરજનો આકરો ઉકળાટ અનુભવી રહ્યા છે. શહેરમાં પ્રિમોન્સુન એકટીવિટીના ભાગરૂપે પાણીના યોગ્ય નિકાલ માટે પણ લાઈનની સફાઈ કરવામાં આવી રહી છે પરંતુ સેકટરોમાં હળવા ઝાપટા સાથે વરસાદી પાણીના ખાબોચિયા પણ ઉભરાતા નજરે પડે છે. જયારે સેકટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકીનુ પ્રમાણ પણ વધ્યુ છે. આવા સંજોગોમાં ચોમાસાના પ્રારંભથી જ રોગચાળાને ઉગતો ડામવા શહેરના સેકટરોમાં મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા માટે તંત્રએ એક્ટિવ મોડમાં આવી જવાની અનિવાર્યતા છે. વરસાદી દિવસોની શરૂઆત સાથે સેકટરોના આંતરિક વિસ્તારમાં દુવિધાઓ દિનપ્રતિદિન વધતી જાય છે. નગરજનો દુવિધા અને અસહ્ય ઉકળાટથી પરેશાન છે ત્યારે હવે ગરમીથી ત્રસ્ત શહેરીજનો મેઘરાજા ધોધમાર વરસે તેની વાટે છે.

# જિલ્લામાં ચોમાસાનો ભીના પગે આરંભ થયો

## ગાંધીનગર તાલુકામાં ૨ મી.મી. વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાની ભીના પગે એન્ટ્રી થઈ છે. બિપરજોય વાવાઝોડાને પગલે જિલ્લામાં થયેલા વરસાદ પછી આજથી વિધિવત્ ચોમાસાનો આરંભ થયો છે.

જિલ્લાના ગાંધીનગર તાલુકામાં આજે સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન ૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. ગાંધીનગર તાલુકામાં આજે થયેલા વરસાદ પછી વાતાવરણમાં ઠંડક જોવા મળી હતી.

૨૭ અને ૨૮ તારીખે પણ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ થવાનું હવામાન પૂર્વાનુમાન છે. આ વખતે ચોમાસુ સારૂ રહેવાના હવામાન-પૂર્વાનુમાન સાથે ખેડૂતોમાં ખરીફ ઋતુના વાવેતરનો ઉત્સાહ પણ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં ૨૫ ટકા વિસ્તારમાં ખરીફ વાવેતર પૂર્ણ થયુ છે. કપાસનું વાવેતર લગભગ સંપન્ન થયાનુ મનાઈ રહ્યુ છે. જો કે હજુ આ પાકના વાવેતરમાં પાંચેક હજાર હેકટરનો વધારો થવાની શક્યતાઓ ખેડૂતો સાથેની વાતચીતમાં જાણવા મળી છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૮ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ચોમાસાની સિઝનમાં સરેરાશ ૭૭૭ મી.મી. વરસાદ નોંધાતો હોય છે. ટકાવારીની દૃષ્ટિએ જિલ્લામાં અત્યાર સુધીમાં ૮.૬૯ ટકા વરસાદ નોંધાયો છે.

ચારેય તાલુકામાં સૌથી વધુ વરસાદ માણસા તાલુકામાં ૧૨.૪૪ ટકા, ગાંધીનગરમાં ૭.૯૮ ટકા, કલોલમાં ૭.૬૭ ટકા અને દહેગામમાં ૬.૫૯ ટકા વરસાદ અત્યાર સુધીમાં નોંધાયો છે.

હવામાનખાતાની આગાહી મુજબ ૨૮ થી ૩૦ જુન દરમ્યાન રાજ્યમાં સારો વરસાદ થશે. રાજ્યમાં આજે સાંજે ૮ વાગ્યા સુધીમાં ૧૩૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

### શહેરમાં નવા રોપાઓની વાવણી સાથે

# વન આરક્ષિત વિસ્તારમાં નવી ફેન્સીંગ બનાવાશે

## વરસાદી દિવસોને અનુલક્ષી જ માર્ગ પર નવા રોપાઓનુ વાવેતર કરાયુ : શહેરના ઉભા અને આડા વન વિસ્તારને અનુલક્ષી નવા વાવેતર સાથે ફેન્સીંગનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી શરૂ કરી દેવામાં આવી છે. જયારે નવા રોપાઓની વાવણી સાથે છેલ્લા ઘણાં સમયથી ઉજ્જડ અને ખંડેર જોવા મળતા વન વિસ્તારની રોનક નિખારવા માટે નવી ફેન્સીંગ બનાવાની કામગીરી પણ હાથ ધરાશે વનવિભાગ કક્ષાએથી ફેન્સીંગ કરવાની દરખાસ્તનેં મંજુરી આપી દેવામાં આવી છે. જયારે જ માર્ગ પર નવા રોપાઓની વાવણી પણ કરી દેવામાં આવી છે. શહેરમાં વરસાદી દિવસો દરમિયાન અંદાજિત ૩૦ હેકટરમાં વાવેતર કરવામાં આવશે.

ગાંધીનગરમાં વરસાદી દિવસોની શરૂઆત સાથે નવા રોપાઓની વાવણી હાથ ધરવામાં આવી છે. નગરના જ માર્ગ પર નવા રોપાઓનુ વાવેતર કરવામાં આવ્યુ છે જયારે નવી વાવણીને અનુલી વનતંત્ર દ્વારા ગરમીના દિવસોમાં ખાડા પણ ખોદવામાં આવ્યા છે. જયારે આગામી દિવસોમાં નગરના અંદાજિત ૩૦ હેકટર વિસ્તારમાં નવા રોપાઓની વાવણી તબક્કાવાર કરવામાં આવશે. જયારે બીજીતરફ નવા રોપાઓની વાવણી બાદ તેની યોગ્ય જાળવણી અને ઉછેર માટે પણ વિશેષ કાળજી રાખવી પડે તેમ છે. ત્યારે શહેરના વન વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી ફેન્સીંગ તુટેલી હાલતમાં જોવા મળે છે. જેના લીધે વન વિસ્તારમાં દબાણ , ગંદકી અને રખડતા ઢોરનો અડ્ડો બનતો જાય છે. જયારે આ સ્થિતિ વચ્ચે વન વિસ્તારની હરિયાળી પણ મુર્જાતી જોવા મળે છે. વન વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

# કલોલમાં ઝાડા-ઉલ્ટીના વધુ ૧૮ કેસ

## તંત્રએ કામગીરી સઘન બનાવી : ઝડપથી પરિસ્થિતિ પૂર્વવત થશે તેવો તંત્રને વિશ્વાસ

ગાંધીનગર, તા. ૨૬

જિલ્લાના કલોલ શહેરમાં કોલેરાના મળેલા કેસો પછી આજે વધુ ૧૮ કેસ ઝાડા-ઉલ્ટીના મળી આવ્યા છે. તંત્રના સૂત્રો મુજબ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ આવી રહી છે અને ટૂંક જ સમયમાં સ્થિતિ સામાન્ય થઈ જશે.

ઝાડા-ઉલ્ટીના દર્દીઓ જે સારવાર માટે દાખલ કરાયા હતા તે પૈકી આજે ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નવા નવ દર્દીઓને સારવાર માટે સીએચસી અને ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલમાં કોલેરાના ૩ પોઝીટીવ કેસ સાથે ઝાડા-ઉલ્ટીના કુલ ૧૧૬ કેસ અત્યાર સુધીમાં નોંધાયા છે. તંત્રની ટીમો દ્વારા આજે પણ સર્વેલન્સની કામગીરી યથાવત્ રાખવામાં આવી હતી.

તંત્રએ આજે પણ ૨ દર્દીઓના સ્ટૂલ સેમ્પલ લઈ પરીક્ષણ માટે મોકલી આપ્યા છે. તંત્રની ટીમો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં ઓ.આર.એસ.ના પેકેટ્સ તેમજ ક્લોરીનની ટિકડીઓના વિતરણની કામગીરી કરવામાં આવી હતી.

દરમ્યાન આજે કલોલની વિભાગીય નાયબ નિયામક ડૉ. એસ.કે. મકવાણાએ મુલાકાત કરી હતી. તેમણે તબીબી અધિકારીઓ સાથે પણ

● અનુસંધાન પાન-૭ પર

# નાણાંપંચના કરાર આધારિત કર્મચારીઓનો પગાર અટવાતાં કર્મચારીઓમાં નિરાશા

ગાંધીનગર, તા. ૨૬

પંદરમા નાણાંપંચના કરાર આધારિત કર્મચારીઓનો પગાર છેલ્લા કેટલાક સમયથી નિયમિત રીતે ચૂકવવામાં આવતો ન હોવાથી આ કર્મચારીઓમાં નિરાશા સાથે આક્રોશ ભભૂકી રહ્યો છે.

જિલ્લાઓમાં ફરજો બજાવતા આ કર્મચારીઓને ગયા મહિનાનો પગાર હજુ સુધી થયો નથી અને આ મહિનો પણ પુરો થવા આવ્યો છે. બે-બે મહિનાથી પગાર વિના ફરજો બજાવતા આ કર્મચારીઓ અને તેમના પરિવારોની હાલત કફોડી બની છે.

અગાઉ પણ ત્રણ મહિનાનો પગાર અટક્યો હતો. કયા કારણોસર પગાર અટકી જાય છે તે જાણવા મળ્યુ નથી. પણ કર્મચારીઓની હાલત કફોડી બની રહી છે. મોંઘવારીનો માર સહન કરતા આ કર્મચારીઓના પરિવારની હાલત પણ દયનીય બની છે.

# ગાંધીનગર ડેપોને મોડેલ બનાવાની યોજના અધ્ધરતાલ

## હવે બિલ્ડીંગના રીનોવેશનનુ કામ ટુંકમાં હાથ ધરાશે : શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં મુસાફરોની સલામતી અને સુવિધાના મામલે હજુ નિરસતા : પાંચ દાયકા જુના ડેપોના બિલ્ડીંગમાં પાણી લીકેજીસ સહીતની અનેક સમસ્યાઓ

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર એસ ટી ડેપો સલામતીના મુદ્દે આમ પણ રામભરોસે છે. જયારે પાંચ દાયકા જુના ડેપોના બિલ્ડીંગમાં પણ પાણી ટપકવા સહીત ભેજ આવતો હોવાથી હવે ડેપોના બિલ્ડીંગના રીનોવેશન માટે આયોજન કરવામાં આવ્યુ છે.ડેપો સંકુલમાં જરૂર મુજબ બિલ્ડીંગમાં રીનોવેશન હાથ ધરવામાં આવશે ત્યારે શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના વર્ષોના અંતે પણ અધ્ધરતાલ છે. ત્યારે મુસાફરોની સલામતી અને સુવિધાના મામલે પણ નિરસતા દાખવવામાં આવી રહી છે.

ગાંધીનગર એસ ટી ડેપોના નવિનીકરણની વાતો છેલ્લા ઘણાં સમયથી થાય છે. અગાઉ રાણીપ અને બરોડાની જેમ ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના અંગે પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી પરંતુ આ પ્રોજેકટ અન્વયે છેલ્લા એક દાયકાના અંતે પણ કાંઈ થયુ નથી. જયારે બીજીતરફ ડેપો સંકુલમાં મુસાફરો પણ અનેક પ્રકારની દુવિધાઓ અનુભવી રહ્યા છે. ડેપો સંકુલમાં સ્થિત બિલ્ડીંગ પણ અંદાજિત પાંચ દાયકાથી જુનુ છે. જયારે હાલ વરસાદી દિવસો દરમિયાન તેમાંથી પાણી ટપકવા ઉપરાંત ભેજ આવતો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે જયારે ડેપોના આ જુના બિલ્ડીંગને અનુલક્ષી નિગમને રીનોવેશન માટે પણ દરખાસ્ત કરવામાં આવી હતી જેની પાછળ અંદાજિત ૫૦ લાખ નો ખર્ચ થાય તેમ છે. ત્યારે આ દરખાસ્તને વિચારણાના અંતે મંજુરી પણ આપી દેવામાં આવી છે. જેના અંતે આગામી દિવસોમાં હવે ડેપોના રીનોવેશનની કામગીરી હાથ ધરાશે જો કે આ અન્વયે મુસાફરોને યોગ્ય સલામતી અને સુવિધા મળી રહે તે માટે પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવશે ગાંધીનગર ડેપોમાં હાલ રોજબરોજ મુસાફરોના ખિસ્સા કપાતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે.

રાજયના પાટનગરમાં હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં જ ધોળે દિવસે કાયદો અને વ્યવસ્થાના નામે શુન્યવકાશ જોવા મળે છે. મુસાફરો પણ ફરિયાદ કરીને થાકી ગયા છે. જયારે ડેપોમાં

● અનુસંધાન પાન-૭ પર

# કલોલના ચીફ ઓફિસર પરીખની બદલી કરાઈ

ગાંધીનગર, તા. ૨૬

કલોલમાં ઉદ્‌ભવેલી રોગચાળાની સ્થિતિ હજુ પૂર્વવત બની નથી ત્યાં આજે સાંજે રાજ્ય સરકારે નગરપાલિકાના ચીફ ઓફિસરની બદલીના હુકમો જારી કર્યા છે.

કલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર વિજય પરીખની બદલી મ્યુ. ફાયનાન્સ બોર્ડના નાયબ નિયામક તરીકે કરવામાં આવી છે.

કલોલમાં ચીફ ઓફિસર તરીકે પોરબંદર-છાયામાં ફરજો બજાવતા મનોજભાઈ આર. સોલંકીની નિમણુંક કરવામાં આવી છે. આ બદલીના હુકમોની તાત્કાલિક અમલવારી કરવાની સૂચના રાજ્ય સરકારે આપી છે.

કલોલ ચીફ ઓફિસરની બદલી સ્થાનિકોએ નગરપાલિકાની ઉદાસીનતા સામે આંગળીઓ વિંધતા કરાયાની વાતો જાણવા મળી રહી છે. કલોલમાં ગત વર્ષે પણ કોલેરાના કેસો નોંધાયા હતા. આ પછી નવી પાઈપલાઈનો નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. કલોલમાં પાણીની પાઈપલાઈનો વર્ષો જુની છે તેમજ શહેરના ઘણા બધા રહેઠાણ વિસ્તારોમાં ગેરકાયદેસર જોડાણો હોવાની વાતો પણ બહાર આવી રહી છે.

# નવનિર્મિત રક્ષાશક્તિ ઓવરબ્રિજ પર વરસાદમાં ડામર ઉખડ્યો

## તાત્કાલિક ધોરણે રોડનું સમારકામ હાથ ધરવું પડ્યું



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં ચ-૦ સર્કલથી કોબા તરફના મુખ્ય માર્ગ પર ધોળાકુવા પાસે રક્ષાશક્તિ સર્કલે એક ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે જેનું તાજેતરમાં જ મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. શહેરમાં હજુ હળવા વરસાદી ઝાપટાની શરૂઆત થઈ છે ત્યારે રક્ષાશક્તિ ઓવરબ્રિજ ઉપર ડામર ઉખડી જવાથી તાત્કાલિક ધોરણે ઓવરબ્રિજ પરના રોડનું મરામત કાર્ય હાથ ધરવું પડ્યું છે.

રક્ષાશક્તિ ઓવરબ્રિજને નિર્માણને લાંબો સમય લાગ્યો હતો અને તેના લોકાર્પણ માટે પણ નાગરી કોઈ ઘણી વાટ જોવી પડી હતી. જોકે લોકાર્પણને હજુ આંગળીના વેંઢે ગણી શકાય એટલા જ દિવસો વીત્યા છે ત્યારે આ ઓવરબ્રિજ ઉપર સામાન્ય વરસાદમાં જ રોડની હાલત બગડી જવા પામી છે અને રોડ પરથી ડામરનું ધોવાણ થઈ જવાથી તાત્કાલિક તેનું સમરકામ હાથ ધારવું પડ્યું છે. હજુ તાજા જ બનેલા ઓવરબ્રિજ પર આ રીતે સામાન્ય વરસાદમાં રોડ તૂટી જવાની સર્જાયેલી સ્થિતિ અહીંથી પસાર થઈ રહેલા વાહનચાલકોને આશ્ચર્ય પમાડી રહી છે.

આગામી સમયમાં જ્યારે ચોમાસુ પુરબહારમાં ખીલશે ત્યારે ભારે વરસાદમાં આ ઓવરબ્રિજ પર રોડની સ્થિતિ શું થશે તે અંગે નાગરિકોમાં તર્કવિતર્ક ચાલી રહ્યા છે.

# માણસાના ખેડૂતો આકરા પાણીએ, ભારતમાલા પ્રોજેક્ટની કામગીરી અટકી

## હાઈવે ઓથોરિટી સામે ફરીયાદ દાખલ કરવા રજુઆત, ભારત માલા પ્રોજેક્ટમાં જમીન સંપાદનને લઈ વિવાદ



ગાંધીનગર, સોમવાર

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતા સંભવિત થરાદ - અમદાવાદ એક્સપ્રેસ હાઈવે ફરી વિવાદોમાં ઘેરાયો છે. હવે આ પ્રોજેક્ટને લઈને ખેડૂતો આકરા પાણીએ છે. ખેડૂતો દ્વારા આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવતા મામલો વધુ ગૂંચવાયો છે. તો બીજી તરફ ખેડૂતો તંત્ર સામેની લડત વધુ ઉગ્ર બનાવવા તરફ આગળ વધી રહ્યા છે. આ જોતા આગામી દિવસોમાં આ વિવાદ વધુ તુલ પકડશે તેવું લાગી રહ્યું છે. આજે ખેડૂતો આક્રમક બનતા અધિકારીઓએ સ્થળ પર દોડી જવાની ફરજ પડી હતી.

ભારતમાલા પ્રોજેકટમાં ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કર્યા સિવાય ફરીથી માપણી માટેની કામગીરી NHAI દ્વારા શરૂ કરવામાં આવી છે. જિલ્લાના ખેડૂતો દ્વારા ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતાં થરાદ - અમદાવાદ એક્સપ્રેસ હાઈવે ના અસરગ્રસ્ત ખેડૂત સમન્વય સમિતિના નેજા હેઠળ છેલ્લા એક વર્ષથી આવેદન પત્રો આપી રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ ચોક્કસ કે સંતોષકારક જવાબ મળ્યો ન હતો. જેને લઈને હવે ખેડૂતો આકરાં પાણીએ જોવા મળી રહ્યા છે.

એન.એચ.એ.આઈ. દ્વારા તૈયાર કરેલ ફિઝીબિલીટી રિપોર્ટ કે જેમાં જિલ્લાની જમીનને ભાસ્મીક,બંજર અને નહિવત પાણી અને કૃષિ માટે બિનઉપયોગી દર્શાવેલ છે, તેના વિરુદ્ધમાં જિલ્લાના કેટલાક ખેડૂતો દ્વારા હાઈકોર્ટમાં ચેલેન્જ કરતી પી.આઈ.એલ દાખલ કરવામાં આવી છે. જે બાબતનું કોઈ નિરાકરણ લાવ્યા સિવાય ફરીથી NHAI એ માપણીની કામગીરી શરૂ કરતાં આજે જિલ્લાની ખેડૂત સમિતિની આગેવાની હેઠળ માણસા તાલુકાના શોભાસણ ગામે માપણીની કામગીરીને અટકાવવામાં આવી હતી અને લંગર નાખી જમણવાર કરી પંજાબવાળી કરવાના એંધાણ વર્તાઈ રહ્યા હતા. જેની નોંધ લઈ તાત્કાલિક DILR તથા રેવન્યુ ખાતાના મામલતદાર સહિતના અધિકારીઓ દોડી આવ્યા હતા અને NHAIના સાઈડ એન્જિનિયર શોએબ અલી ખાન સાથે વાતચીત કરી હતી. ખેડૂતોએ અધિકારી સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે, હવે જ્યાં સુધી તમારા ખેડૂતોના તમામ પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી માપણીની કામગીરી કરવામાં આવશે નહિ. તેવો આશ્વાસનરૂપ જવાબ ખેડૂતોને મળતાં તમામે રાહતનો દમ લીધો છે અને અનધિકૃત પ્રવેશ કરવા બદલ NHAIના માણસો વિરૂદ્ધ માણસા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હોવાની વિગતો સામે આવી છે. જોકે આ અંગે માણસા પીઆઈ નો સંપર્ક કરવામાં આવતા આ મામલે જાણવાજોગ અરજી લેવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આગામી સમયમાં જરૂર પડે વધુ ઉગ્ર આંદોલનની ચિમકી પણ ખેડૂતો દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

## માણસા પોલીસ ગુનો નહિં નોંધે તો પોલીસ સ્ટેશનનો ઘેરાવો કરશે

ભારત માલા પ્રોજેક્ટને લઈ ખેડૂતો જ્યારે કોર્ટમાં ગયા છે ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરી ચાલુ રાખવામાં આવતાં આજે માણસા તાલુકામાં ભારે હંગામો થયો હતો. ત્યારબાદ અધિકારીઓની દરમિયાનગીરી બાદ મામલો શાંત પડ્યો હતો અને આખરે કોન્ટ્રાક્ટર સામે માણસા પોલીસમાં ફરિયાદ નોંધવા માટે લેખિત અરજી આપવામાં આવી હતી. પરંતુ આ મામલે માણસા પોલીસ ધ્વારા સાંજ સુધી કોઈપણ પ્રકારનો ગુનો નોંધવામાં ન આવતો આ અંગે કેટલાક ખેડૂતોના જણાવ્યા અનુસાર એક બે દિવસમાં જો માણસા પોલીસ દ્વારા કોન્ટ્રાક્ટર સામે ફરિયાદ નોંધવામાં નહીં આવે તો પોલીસ સ્ટેશનનો ઘેરાવો કરવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com